सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-Mail : amrelideo@gmail.com Website : https://deoamreli.com

YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક:માધ્ય/અમર્યાદિત/ઈન્ટરનેટ/ગ્રાન્ટ/૨૦૨૧-૨૨/ પરીપત્ર/નં-૮૦૮ તા.૧૦/૧૧/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/ગ્રાન્ટેડ શાળાઓ તમામ,

જિ.અમરેલી

**વિષય: અમર્યાદિત ઈન્ટરનેટ કનેક્શન બાબત**

**સંદર્ભ : (૧) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના કચેરી આદેશ ક્રમાંક:આઈ.ટી./Internet/NT/ 2021/૧૦૩૦-૧૦૫૧, તા.૨૬/૧૦/૨૦૨૧**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના સંદર્ભ પત્રથી સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળાઓમાં આ યોજના અંતર્ગત અમર્યાદિત ઈન્ટરનેટ કનેક્શન પુરા પડવાની મંજૂરી મળેલ છે. આ યોજના અંતર્ગત સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ઈન્ટરનેટ સેવા પુરી પાડવા **Bharat Sansar Nigam Ltd.ને આપેલ આદેશ સમાપ્ત કરવામાં આવેલ છે.** આ યોજના અંતર્ગત સરકારી અને બિન સરકારી અનુદાનિત શાળાઓને જે-તે જિલ્લામાં સારી ઈન્ટરનેટ સેવા પુરી પાડતી એજન્સી મારફતે શાળા કક્ષાએ સેવા મેળવવા તેની ગ્રાન્ટ જે-તે શાળાને ફાળવવાનું નિયત કરવામાં આવેલ છે.

સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અમર્યાદિત ઈન્ટરનેટ કનેક્શનની સુવિધા પુરી પાડવા માટે નીચે દર્શાવેલ બાબતો/શરતો/નિયમો ધ્યાને લેવાના રહેશે.

1) જો કોઈ કારણસર યાદીમાં / યોજનામાં સમાવિષ્ટ શાળા બંધ થાય / બંધ હોય અથવા યોજનામાં જોડવા ન માંગતી હોય તો તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.
2) આ યોજના અંતર્ગત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ કનેક્શન ઇન્સ્ટોલ કરવા સહીત શાળા દીઠ માસિક મહત્તમ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) એટલે કે વાર્ષિક રૂ.૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર પુરા)ની ગ્રાન્ટ ચુકવવામાં આવશે.
3) શાળા જે વિસ્તારમાં હોય તે વિસ્તારમાં જે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરની સૌથી સારી હોય તેની પાસેથી મહત્તમ ખર્ચની મર્યાદામાં શાળાએ ઈન્ટરનેટ પ્લાન લેવાનો રહેશે.
4) આ યોજના અંતર્ગત માસિક મહત્તમ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) મા ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા શાળા સુધી ઈન્ટરનેટ કનેક્શન પહોચાડવાનો ખર્ચ, રાઉટરનો ખર્ચ તેમજ તેને કાર્યાન્વિત કરવા તેમજ GST સહિતનો ખર્ચ સામેલ છે.
5) શાળાઓમાં ઈન્ટરનેટ સુવિધા પુરી પડવાની પ્રક્રિયા સરકારશ્રીના વખતો વખતના ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ કરવાની રહેશે.
6) શાળા દ્વારા કોઈ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ઈન્ટરનેટની સર્વિસ લીધા બાદ જો તેઓને ઇન્ટરનેટની સર્વિસ બાબતે ફરીયાદ હોય તો ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર બદલવા અંગેનો નિર્ણય લઇ શકશે. તેમજ ઈન્ટરનેટ કનેક્શન સંદર્ભે થતી તમામ સમસ્યાનું નિરાકરણ શાળા દ્વારા જ કરવાનું રહેશે.

7) શાળાઓ દ્વારા ઈન્ટરનેટ કનેક્ટીવીટી અંગેની લોગ બુક શાળામાં નીભાવવાની રહેશે જેમાં શાળામાં જે દિવસે ઈન્ટરનેટ કનેક્ટીવીટી ખોરવાઈ તે તારીખની નોંધણી તેમજ કમ્પ્લેઇન નંબર સહિતની નોંધ કરવાની રહેશે.

8) સદર બાબતનો ખર્ચ ઓડિટને આધીન રહેશે.

9) શાળાઓ દ્વારા શક્ય એટલા વધુ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ભાવપત્રક મેળવ્યા બાદ સર્વિસને ધ્યાને લઇ Technical અભ્યાસ કરી જે તે સર્વિસ પ્રોવાઈડરની સેવાઓ લઈ શકશે.

10) શાળામાં અમર્યાદિત ઈન્ટરનેટ સુવિધા શાળાના શૈક્ષણિક અને વહીવટી કાર્યો માટે પુરૂ પાડવામાં આવેલ છે. સદર કનેક્શનનો ઉપયોગ વ્યવસાયિક કે ન્ય ખાનગી સંસ્થાના કે વ્યક્તિગત ઉપયોગ માટે ન થાય તેની તકેદારી જે-તે શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે અને આવી કોઈ બાબત ધ્યાને આવશે તો તે શાળા વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

11) આ યોજના માટે ત્રિમાસિક ગ્રાન્ટ ફાળવવામાં આવશે અને તેના ખર્ચની વિગતો આ કચેરીને વખતો વખત મોકલી આપવાની રહેશે.

12) આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ જે-તે નાણાકીય વર્ષમાં કરવાનો રહેશે અને યોજના સિવાય અન્ય હેતુ માટે કરી શકશે નહી.

13) આ સાથે જિલ્લાની તમામ સરકારી/બિન સરકારી અનુદાનિત શાળાએ ઉપરોક્ત નિયમો / બાબતો ધ્યાને લઇ શાળામાં અમર્યાદિત ઈન્ટરનેટની સેવા અંગેની કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે. કનેક્શન લીધા બાદ તે અંગેના બીલો અત્રેની કચેરીમાં રજુ થયા બાદ શાળાદીઠ માસિક રૂ.૫૦૦/- લેખે ટેક્સ સહીત માંહે નવેમ્બર-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ માટે અત્રેથી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

14) શાળામાં ઇન્ટરનેટની સેવાનું જોડાણ મેળવ્યા બાદ તુરંત જ આપની શાળાના લગત એસ.વી.એસ. એ.ઈ.આઈ.શ્રીને તે અંગેની જાણ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

:: નકલ રવાના જાણ તથા સંકલન સારૂ ::

૧) પ્રતિ, ઈ.આઈ.શ્રી આ કચેરી

૨) પ્રતિ, એસ.વી.એસ. એ.ઈ.આઈ.શ્રીઓ તમામ, આ કચેરી